| Innovation ID | DTP0010000002644 | Sr No : 1 |
|---|---|---|
| Innovation Title | પશુને શરદી (Ephemeral Fever) | |
| Category | પશુ સંવર્ધન | |
| Notebook Number | lok (૨) ૫, Sep–oct–૧૯૯૭, Pg No.૭ | |
| Brief | પશુને શરદી (Ephemeral Fever) થઇ હોય ત્યારે ડુંગળી (Allium cepa), સીંગતેલ (Arachis hypogea) તુલસી (Ocimum sanctum) ના પાન, ચ્હા (Camelia sinesis) ની ભૂકી, ફૂદી (Mentha viridis) નો તથા અજમા (Trachyspermum ammi) નો ઉપયોગ. | |
| Detail | પશુને ઠંડી લાગવાથી શરદી થઇ જાય છે. તેના ઉપચાર માટે પશુને વલો (Ephemeral Fever) ની અસર થતી દેખાય એટલે તરતજ નાની પરબડીના ખેડૂત શ્રી મનસુખભાઇ ગોવિંદભાઇ કાપડીયા દરરોજ દિવસમાં એક વખત ૨૫૦ ગ્રામ સીંગતેલ(Arachis hypogea) પશુને પીવડાવે છે. પશુ ડુંગળી (Allium cepa)ખાય તો તે પણ તેને ભાવે તેટલી ખવડાવે છે.<br>સાંજે એક લિટર પાણીમાં તુલસી (Ocimum sanctum) ના પાન, ચ્હા (Camelia sinensis) ની ભૂકી,ફૂદી (Mentha viridis) નો તથા અજમો (Trachyspermum ammi)નાંખી તેને ૧ લીટરમાં ૨૫ ટકા બળે ત્યાં સુધી રાખી પાવું. ત્રણ દિવસ દિવસમાં ૧ ટાઈમ સવારે પાવાથી વલો મટી જાય છે.<br>આ દવા ૧૨ વર્ષથી જાણે છે.<br><br>(આ પદ્ધતિનું પી.આઈ.સી. મહેશ કે. પરમારે ૨૩–૯–૨૦૦૪ના રોજ ભરેલ છે. આ પદ્ધતિ સાચી છે.) | |
| Method of Use | | |
| Caution | | |
| Benefit | | |
| Condition | | |
| Material Used | ડુંગળી (Allium cepa), સીંગતેલ (Arachis hypogea), તુલસી (Ocimum sanctum) ના પાન, ચ્હાની (Camelia sinesis)ભૂકી, ફૂદી (Mentha viridis) નો તથા અજમો (Trachyspermum ammi) | |
| IPR Status | | |
| Keywords | વલો, Ephemeral Fever, પશુ, ડુંગળી, Allium cepa, સીંગતેલ, Arachis hypogea, તુલસી, Ocimum sanctum, પાન, ચ્હા, ભૂકી, ફૂદીનો, Menthaviridis, અજમો, Trachyspermum ammi, રાજકોટ | |

**Member ID** DTP૦૦૧૦૦૦૦૦૦૦૨૪૭ **Member Type** Scout

**First Name** જગદીશભાઈ **Middle Name** એલ. **Last Name** વાઘેલા
**Profession** **Designation**
**Address 1** એમ. આર.એસ કોલેજ દાતા. મંજીલ
**Village** **Taluka**
**District** **State** Gujarat **Country**
**Biography**

**Member ID** DTP૦૦૧૦૦૦૦૦૦૦૮૫૬ **Member Type** Verifier

**First Name** મહેશ **Middle Name** કે. **Last Name** પરમાર
**Profession** **Designation**
**Address 1**
**Village** મું.પો. કુડોલ **Taluka** મોડાસા
**District** Sabarkantha **State** Gujarat **Country** India
**Biography**

**Member ID** DTP૦૦૧૦૦૦૦૦૦૧૧૮૦ **Member Type** Innovator

**First Name** મનસુખભાઈ **Middle Name** ગોવિંદભાઈ **Last Name** કાપડીયા
**Profession** ખેતી,પશુપાલન **Designation** ખેડૂત,પશુપાલક
**Address 1**
**Village** મુ. નાની પરબડી **Taluka** ધોરાજી
**District** Rajkot **State** Gujarat **Country** India
**Biography** ખેડૂતનો પરિચય:
ઉત્તરદાતા ૫૨ વર્ષના છે. તેઓ ૮ પાસ છે. તેમના પત્ની સુખીબહેન મનસુખભાઈ કાપડીયા તેમની ઉંમર ૫૦ વર્ષ છે.
તેઓ ૪ ધોરણ પાસ છે. તેમને સંતાનોમાં ૨ છોકરા અને ૧ છોકરી છે. બધાં છોકરાં હાલમાં અભ્યાસ કરે છે. બધાં
છોકરાના લગ્ન થયેલ નથી.
માતા પિતા હયાત નથી.
હાલમાં ખેડૂતને કમરનો દુ:ખાવો હોવાથી ખેતી મજૂર રાખીને કરાવે છે. ખેતીમાં રસ છે. જમીન ૩૦ વિઘા છે. ખેડૂતને
પોતાનો બોર કૂવો છે. તેમાંથી પિયતમાં પાણીનો ઉપયોગ કરે છે. પાકમાં મગફળી, મગ, કપાસ વગેરે થાય છે. શિયાનું દ
ઉં, ડુંગળી, લસણ, વગેરે ઘાસચારા માટે જુવાર, બાજરી, થાય છે. વધારે પડતી ખેતી મગફળી અને કપાસ થાય છે. આ
ખેડૂત સાહસિક ખેતીમાં ઉત્સાહી હતા પરંતુ તેમને કમરની બિમારી હોવાથી હાલમાં ખેતીમાં મજૂરો કરીને કરાવવી પડે છે.
તેથી નવી ટેકનીકથી ખેતી કરવામાં તકલીફ પડે છે.
ઉત્તરદાતા પાસે ૨ ભેંસ છે. બળદ ૨ છે. ભેંસો દૂધ આપે છે. ૫થી ૬ લિટર દૂધ આપે છે. આવક ખેતીમાંથી થાય છે.
કપાસ જેવા પાકમાં વિઘે ૨૦ થી ૨૫ મણનો ઉતાર આવે છે. સારી એવી મહેનત હોય તો વિઘે ૩૦ મણ સુધીનો ઉતારો
આવે છે. મગફળીનો વિઘે ૧૫ થી ૨૦ મણનો ઉતારો આવે છે. આમ આ ખેડૂત સાહસિક છે.

ગામનો પિરચય–
ગામની વસ્તી ૩૦૦૦ છે. ગામમાં પંચાયત છે. સરપંચ નારભાઈ સાગઠિયા છે. આખા ગામમાં ધાબાવાળા મકાન છે.
હરિજન અને બાનાના ઘર નળિયા વાળા છે. આખુ ગામ સમુહમાં છે. નાની નાની શેરીઓમાં ગામ આવેલું છે. ગામની
શેરીઓ સિમેન્ટ વાળી પાકી છે. ગામમાં બોર કૂવો છે. તેમાંથી પાણીનો ટાંકો છે. તેમાં પાણી આવે છે અને ત્યાં હવાડા
બનાવેલા છે. આ હવાડામાં ઢોર પાણી પીવે છે. ગામમાં નળ દ્વારા ઘરે ઘરે પાણી આવે છે. ગામમાં બસ સ્ટેન્ડ છે.
ગામમાં બેસવા ઉઠવાનો ચોરો બનાવેલ છે. ત્યાં ગામના બધા આવીને બેસે છે. અને વાતો કરે છે. ગામમાં એક તળાવ
છે. ગામમાં ફુલઝર નદી છે. નદીના કિનારે સ્મશાન ગૃહ બનાવેલ છે. આ સ્મશાન ગૃહ ફરતે તારની વાડ છે. તેમાં ૫૦
લીમડાના વૃક્ષ છે. બગીચા જેવું બનાવેલ છે. ગામમાં લીમડા, બાવળ, ગાંડા બાવળ, વડ, પીપળા, નીલગિરી, આંબા ઘરે દ
ારે ચીકુ, જામફળ, નાળિયેળીની વાડીઓ આવેલી છે.
ગામમાં જમીન કાળી ગોરાડુ છે.
ગામમાં શિક્ષણની વ્યવસ્થા ૧થી ૭ પ્રા. શાળા છે. ૮થી ૧૦ માધ્યમિક શાળા છે. ગામમાં મુખ્ય લેવા પટેલ છે. હરીજનના
ઘર, દરબારના ૧૫ ઘર, બાવાના ૨ ઘર છે. ગામમાં આવકના સાધનોમાં મોટા ટ્રેક્ટર ૧૦ છે. મીની ટ્રેક્ટર ૫ છે. ગામમાં
મુખ્ય પાક મગફળી, કપાસ થાય છે. શિયાળુ ઘઉ, જીરૂ થાય છે. ગામથી તાલુકાનું અંતર ૯ કીમી છે. જિલ્લાનું અંતર
૧૧૦ કિમી છે. ગામમાં સવાર સાંજ બે ટાઈમ બસ વ્યવહાર ચાલે છે. ત્યાર પછી ખાનગી વાહનમાં મુસાફરી કરવી પડે
છે.